साडा त्रण दोस्तदार नाटकनां गायनो.

ધનાશ્રીની ગઝલ. (ઈશ્વર સ્તુતી.)

ભકત વત્સળ ભગવાન, પ્રભુજી, ભકત વત્સળ ભગવાન; ટેક.
ધર્મ પ્રમાણે ધ્યાન તમારૂં, તમશું લાગ્યું છે તાન. પ્રભુજી.
દોષ અમારા દુર કરીને, ગુણ ગ્રહો ગુણવાન. પ્રભુજી.

(તુંન કુમલા જીયરવા હે પીતા મોરા. એ રાગ)

અમરસીંગ—ધર્મ વાકય હું બોલું, હે, મીત્રો મારા;
બુંદીકોટા મરજાય સમુળું, શીશ જાતાં ન ડોલું; હે મીત્રો.
હરીસીંહ૦-દોલત દોસ્તીના હકમાં ઉડાવું, ખરો પડદો હું ખોલું;
હે મીત્રો.
મોહનશા—કાપડ મારૂં ફના કરીને, મારા અરપી દઉં મેહેલું;
હે મીત્રો.
અરજણ—અરધી મૈત્રીનો લાભ હું આપું, કાપું માથું હું પેહેલું;
હે મીત્રો

પાટમદે રાણી કાપડ બજારમાં ફરવા નીસરે છે ત્યાં એક અ-મુલ્ય સાળુ નજરે પડે છે ત્યાં જઇને.

પાટમદે— **માલીની છંદ.**

અમર સરસ સાળુ, મૂલ શું થાય એનું;
હકિકત કહી આપો, શેઠ સાચું શું તેનું.

જરી બરી ફુલવાડી, ભાત દીસે બરાતી;
ચુમકા તણીજ સાડી, લાલ લીલીને રાતી.

મોહન— બીહાગની ગઝલ.

તમારી આ બાદશાહી ડૂલે, મોંઘુ એનું મૂલ;
પેરણુવાળી પદમણીને, શોભી ઉડે સમૂળ;
ફુલવાડીની કળીયો કેવી, ખીલી રહે શરીર;
હંસ સાચું મોતી ગોતી, જાય સરોવર તીર;

પાટમદે—(રાજા હુમેં કોમ કાને ઈંદર મેરા નામ.)

આપ કહ્યા ઉમેદ ધરીને, ક્યારે પેહેરૂં ચીર,
કઇ વખતે હું આવું લેવા, શાંત થાય શરીર.

મોહન— આશાવરી જોગીયો.

નવરો નથી હું નારી હમણાં, ખરાબરીનો ખેલ;
રાત્રીના દશ વાગતાં તમે, પધારજો આ મેહેલ.

રાતના દશ વાગતે એક માલણુ બોલાવી ફુલનો ઓછાડ પથરાવી માલણુ ઘેર ગઇ પણુ કાતર પલંગપર પડી રહી તે રાણી આવી કે તેના પગમાં બેસતાં મરણુ પામી પછી મોહન વીચાર કરી તેના એક મીત્ર તંબોળીને બોલાવી ને લાશ ગામ બહાર નખાવી ત્યાં એક ફકીર નીમાજ ગુજારવા ગયો તેની નજરે પડી રાજાને જાહેર કર્યું રાજાએ તે લાશ મગાવી દીવાન પાસે ખુની ગોતવા તપાસ કરાવી દીવાને પેલાં ચીરપર સુગાર બાંધી કાપડીઆની ઝડતી લેતાં મોહનને પકડયો મોહને થએલ બીના દરશાવી ત્યારે રાજાએ ખુની ઠરાવી અગરશીંગજેલરને સોંપ્યો. આ ખબર તંબોળીને પડતાં અગરશીંગને ખાનગી બોલાવી બંને જણુ પોતાના આ-

રંધા ગીત્ર અરજણુ કોળીને વાત કરી ગતાની આ વખત રાજા અંધાર પછેડો ઓઢી ચરચા જોવા છાંનો એક તરફ ઉભેલ હતો તે વાત સાંભળી એકદમ લાંબો હાથ કરીને.

અરજણ—(અંધ ફિકરો બાપુ શું છે કામ. એ રાગ)

કેમ મીત્ર મુંઝાણારે, થવા કાળે તેતો થઈ જાય;
બનવાકાળ તે તો બની જાય. ટેક.

કાપી લાવું છું માથું રાજાનું, હમણાં હાજર કરૂં આંય; કેમ૦
વહાલી દોસ્તીનો લાભ આપું આજ, સંકટ સમયે કરૂં સહાય, કેમ૦
સાપ બેઠાં કેમ દીપક બળશે, ઘો લઇને જાઉ છું ત્યાંય. કેમ૦

રાજાના મેહેલ તરફ ચાલ્યો જાય છે ત્યાં તેની સ્ત્રી કહે છે.

જોમડી--વાગે છે ડગરૂં ને બોલે હકી,
જીવણીયો મેલડી ધુણે નકી, એ રાગ.
દોસ્તી ડુબે તારી દોસ્તી ડુબે, ભાઈબંધ તારો રાખ્યો સુબે.
હીણું કેવરાવીશમાં હો હરામી.
કેશે કોળીબાઇની મત છે ડુબે;
કામ પડ્યું માટે કાયર થઇશમાં;
નોળ બાઇ કહી સૌ મારશે ઠુબે.

અરજણ—(માયા મેલી હાલી નથુડી માયા મેલી હાલી એ.)
લવ લવ કરમાં લોંડી, ઘરમાં લવલવ કરમાં લોંડી;
ઘરમાં લવ લવ કરમાં લોંડી જો. ટેક.
સુરજ છાબડે ઢાંક્યો ન રહેશે, નથી કરવી ઠોંડી. ઘરમાં.
અજવાળું કરી આવું આજે, દેશમાં વાગે ડોંડી. ઘર.
ખબર નથી તને મારી ટુંકડી, લાવું ધરતી ઢુંઢી. ઘર.

એટલું કહી જાય છે.

હરીસીંહ તંબોળીની સ્ત્રી લલીતાને ખબર પડવાથી પોતાના સ્વામીને દીલગીરથી રોશન કરે છે.

લલીતા—(સહીયર દુઃખ શું દાખવું એ રાગ)

કાલ ફાંસીપર આવશે. તમ મીત્ર પવીત્ર;
મેણાં લોકો તમને મારશે, કેશે હતો આનો મીત્ર.
બતાવશો મુખ શું તમે, ચીંધશે આંગળી લોક;
પૈસા આપ્યા પ્રભુએ ઘણા, કેમ સમાશે શોક.
પાણી પેલી બાંધો પાળ તો, મારૂં પહોચે છે ધ્યાન;
દામ દેતાં થાય કામ તો, બચાવો એનો જાન;
બચતો હોય એનો જાન તો, કીર્તી કરોને ઉદ્યોત;
પીંડ સલામત હોય તો, મીલે પઘડીયાં બોત.

હરીસીંહ— રાગ ઉપરનો.

દામ કરૂં કુલ માહરાં, જલદી થઇને તૈયાર;
જીવ ગયા પછી નહીં જડે, સુજ્ઞ મીત્ર સંસાર;
કાષ્ટ બોળે નહીં કોઇ દી, સીંચ્યું નીર અધીર;
કેમ ડુબાવે સમુદ્ર જે, સાયર પેટ શરીર;
માટે ઉતાવળ હું કરૂં, એણે બાંધી છે પ્રીત;
મનની વાતો મનમાં રહી, ખોશું મીત્ર ખચીત;
મેણું લાગે પ્રીય મીત્રનું, કુડું થઇ જશે કાજ;
દુઃખમાં બળું જઇ ભાગતો, ધર્મ બજાવું આજ.
એણે દોસ્તી કરી આપણી, લાભ ન મળે લગાર;
જઇને જેલરને સતાવું છું કરૂં પાકો કરાર.
(ત્યાંથી જઇ જેલરને પૈસા બાબત હીંમત આપે છે.)

ઇંદ્રસભામાં ગવાતી ગઝલ. રાજાના મેહેલમાં.

ભાનુંમતી—(દાસી પ્રત્યે) (નારીના કટાક્ષ આગે પુરૂષ છે ગુલામ.)

ચંદ્રના વિનાનું કમળ, કેમ પ્રફુલીત થાય;
પ્રીતી વિનાનું મળવું દાસી, ઉચીત નહીં ગણાય.
મારી આ હીલચાલ કેવી, દીલમાં તું વીચાર;
રાયને કેવા રીઝાવી કરૂંછું તાબેદાર,

દાશી— હંસની ગતીની છટા શું જાણે ગમાર;
કોમળ કદલી સુઘડતાછે, શીંહનો શીકાર.
ગુણ ભર્યું ગુલાબ પુષ્પ, ચતુર દેખી ચહાય;
જુગલ ભ્રમર વાશના, લેવા મધુરી જાય.
બ્રહ્મલોક કેરી ગતી, શું જાણે અજાણ;
ખોળી હયે નારંગી મળી ખરી પ્રેમ ખાણ.
તરૂંણ બાગ કમળ હોજ, કોકીલા મધુર;
શરદ ચંદ્ર નીશા ખીલેલ, ચડે પરાણે શૂર.
ચંદને વીંટેલ નાગ, જોઇ ઝપાટા ખાય;
નથી કાયરનું કામ એતો, ચતુર ચુંટી જાય;
આ બગીચા રૂપી દેહ, યૌવન નીકળી;
જોગીયો સમાધી મુકી, જાય છે મળી.

ભાનુંમતી—(લાગી છે પુરી આથી લાય લાય મારા દીલમાં)

દંપતી દીલ હરખાય, ખાય દાશી જ્યારે;
જેના જોવા થકી હરખજ ઉપજે;
નીર્મળ પ્રીતીનું પરીણામ નિપજે;
સ્વાદ અમૃત સમ થાય. થાય, દાશી જ્યારે;

પ્રીતી વીના ધીક પ્રીતમ મળવું;
બેશક દીલમાં વીમારી વળવું;
જન્મારો શી રીતે જાય, જાય, દાસી જયારે,
યાર મારાને લાવતું આંઈ, રાય ગયા છે ફરવાને કયાંઇ.
કામ પ્રગટાણો મારી કાય, કાય, દાશી જયારે.

દાસી— (એવું અભીમાન અહીં નવ ચાલે એ રાગ.)
શરીર પડે તોય સત્ય ન છોડો;
ફોકટ માંથું નહીં ફોડો; ટેક.
તાણે રાખો બાઈ મનડું તમારૂં
ઘટમાં ફરેછે કલ્પ ઘોડો. સત્ય૦
દુષ્ટ મતી કદી નાજ દોડાવો;
ટેક તમે કેમ ત્રોડો. સત્ય૦

ભાનુંમતી— (લાલના દીદાર સામે ના ઉમેદ રાખીયે. એ રાગ.)
રંગમાંહી ભંગનો વીચાર, આહી ખોળમાં;
લોંડી થઈને લવરી માંય, જીભ વધી તારી જણાય;
સામું બોલી તું સદાય, ડહાપણુ તારૂં ડોળમાં; રંગ૦
બનતું કામ મારૂં બજાવ, મુકી લખારો જલદી લાવ;
ભેટવા મનેછે ભાવ, રાખે હીરો રોળમાં; રંગ૦

દાસી—(શીરે રીતે કહો લેવાં તમોને સંગ. એ રાગ,)
કડવાં વચન થકી તનમાં પડેછે ત્રાસ;
સીંહણુ પરખે નહીં શ્રષ્ટીમાં કદી ઘાસ. ટેક૦
આંબાની છાંયાથી આનંદ પામે;
અમૃતફળ તણી આશ;
આક આયા છે ભુતનો વાસો,

નીચ વિચાર થકી કાયાનો થશે નાશ; કડવાં૦
થુકયું ગળાશે નહીં વેણુહે બાઈ;
એથી વીચારી પગ ધરો આંઈ;
સ્વાગી તમારાને ખબર થશે તો;
ખેંચી શમશેર મારી નાંખશે જશો લાશ; કડવાં૦

રાણી નહીં સમજતાં યાર બોલાવી રાણી મેહેલમાં દાખલ કરે છે. ત્યાં કોળી તે યાર સુતેલ છે તેનું માંથું કાપી લાવી હાજર કરે છે રાજા આ વાત જોઇ મેહેલમાં દાખલ થઇને વિચાર કરે છે પછી છાની રીતે સમજી બીજા મેહેલમાં સુઇ જાય છે ભાનું-મતી જાગી મુરદુ જોઈ વીચાર કર્યો કે મારા ખાવીંદે માર્યો હશે આગર કેમ થયું તે વીચારી લાશને સારી જગો પર ડફ્ણાવે છે રાજાને ખાત્રી થઇ કે સાહામાશ તેની મીત્રતાના લાભને અને તેની બાહાદુરીને હવે અગરશીંગ તેનો ચેહેરો જોઇ કેહેછે કે આ રાજાનું માંથું નથી હશે ખેર તે બાબતની બનતી ગોઠવણ હું કરીશ એમ કહી જાય છે. અને પોતાની સ્ત્રી પાસે વાત કરી બતાવે જે મારા ભાઇબંધને કાલે રાજા ફાંસી પર લટકાવશે આ વાત સાંભળી તેની સ્ત્રી કહે છે.

અશ્રુમતી— રાગહીંડી.

દુઃખ દુઃખી મીત્રનું બાઓને દીલદારી;
સારી સંગત ગોને સજ્જન મનમાં ધારી;
માટે પ્રાણનાથ વાત સુંણો મારી; ટેક૦
સુરી મીત્રતાનું ફ્ળ નહીં ચખાડો;
દયા લાવીને ઉગારો ધન લ્હાડો;

પ્રીય મિત્ર બચાવાની હાજ પાડો, દુઃખ૦
લાભ મૈત્રી કેરા આપી ચીત લગાડો;
આ શુરાતન છે હાડાનો અખાડો;
તુરત સીંહ ખીજી વનમાં મારે ત્રાડો; દુઃખ૦

અમરસીંહ હાડો—(એ શું બોલો છો આપ વીવેકી ભ્રાતા ભર્તુંહરી).

ધરતીમાં શુરાનો નાશ, હજી થયો નથી;
ક્ષત્રી પુત્ર રણની માંહ, હઠી ગયો નથી.
ધરમરાયમાંથી સત્ય, મટી ગયું નથી;
સાયરમાંથી સાચ હજુ, ઘટી ગયું નથી;
શેષનાગે માઝા પ્યારી, હજુ મુકી નથી;
મુનીવરો સમાધી દ્રષ્ટી, હજુ ચુકી નથી.
ભાડવીરો આ ભારતખંડે, ખપી ગયા નથી;
શીવ કેરાં નેત્ર ત્રણ, ખુલ્લાં થયાં નથી;
ધરતીમાંથી ધર્મવીર, છુપી ગયા નથી,
સુર્યચંદ્ર ક્ષીતી બદલ, હજુ થયા નથી.
સાપ બેઠા સુધડ દીપક, બળી ગયો નથી;
સીંહ બેઠાં વનનો નાશ હજુ થયો નથી.
અવળાં નીર ગંગ કેરાં હજુ ચડયાં નથી.
મેરૂ સીખર મન વિચાર, ડગી પડયાં નથી.
પહેલાં અગારાં પ્રાણ, પછી મીત્રનાં મનાય;
કડવી નજર કરનારાંનાં, નેત્ર અંધ થાય.

અશ્રુમતિ— **આશાગોડી.**

શૂર તમારાને સહામાશી, સ્વામી મારા, શુર તમારાને શામાશી; ટેક.
મહા દુઃખવખતે માથું આપે, વાલમ છો વિશ્વાશી; સ્વામી મારા.
દુનીયાંમાં દેખાવ કરીને, છોડાવો એની ફાંસી; સ્વામી૦
બુંદી કોટા નાથ ડગે નહીં, રણુમાં જાય ન નાશી; સ્વામી૦

અમરસીંહ—

સોરઠની ગઝલ. (હરીગીત)

સેન્યા સરવને હુકમ કરી, જઇ ગોઠવું જંજાળને;
ઝટ ઉપર કોટ ઉડાવીને, કરૂં રાજા કેરો કાળને;
તોપો નખાવું શેહેર ફરતી, ઉડાવી દઊં મંડાણુ છે;
તો નામ હાડો જાણુ મારૂં, મીત્ર મારાં પ્રાણુ છે;

એમ કહી જાય છે ને શેહેર ફરતી જંજાળો ગોઠવવા હુકમ કરેછે આ ખબર લપોડશંખ જઈ રાજાને કહી બતાવેછે.

લપોડશંખ— **કેરબો.**

નથી ઉગરવાની આશા, હે મહારાજ સુંણોરે;
હે મહારાજ સુંણોરે, હે મહારાજ સુંણોરે; ટેક
દીલ્હી ફરતી તોપ ગોઠવી, ખોદે મોટા ખાડો;
કાલ નગર ઉડાવી દેશે, અમરશીંગજી હાડો.

રાજા દીવાનનો અભીપ્રાય લઇ અમરસીંહને બોલાવે છે અમરસીંહ સલામ ભરીને—

રાગ—ક્ષત્રીકલંકમો.

હું છું પરદુઃખ ભંજનહાર, અટકાવું જે અનીતી થતીરે;
છઊં ગરીબોની રક્ષા કરનાર, બુંદીકોટાનો હું છું પતીરે.

હજુ પૃથ્વીમાં ઘટયુ નથી પુંન, આટકાવું૦
નથી કર્યું એને હાથે ખુંન; આટકાવું૦
એવા વણીકનો શું છે અપરાધ; આટકાવું૦
દીન જનની ન સત્ય સુંણો દાદ. આટકાવું૦

રાજા—(પ્રધાન સામું જોઈ) **પીલુની ઠુમરી.**

વચન સુંણો તમે હું છુ વાદી, ખરૂં જોતાં નથી એ અપરાધી;
વાત ખરી છે એની કહેવી, હરખ ધરી ગઇ હરાગજાદી;
પાપતણો ઘટ ફુટી પડયોછે, ફોકટ જાણુંછું આ ફરીયાદી.

પ્રધાન— (ભરથરી ભ્રાતા વીચારીનેડે એ રાગ)

રાજેંદ્ર સુંણો [૨] કહું સત્ય વચન આ ટાણે;
સાડા ત્રણ છે મીત્ર સેહેરમાં, ધર્મશાસ્ત્ર પરમાણે;
એક અમરસીંહ (૨) બીજો તંબોળી જણાણો;
ત્રીજો કાપડીયો પકડાણો, અડધો કોળી જાણો;
સાડા ત્રણ ગણી, (૨) જો લેવા ધારે રાજ;
લઇ શકે એક ક્ષણમાં એતો સંપીને મહારાજ.

રાજા આ જોઈ ખુશી થયો પછી સાડા ત્રણ દોસ્તને બોલાવી મોહનને છોડી મુકયો ને સાડા ત્રણ દોસ્તદાર બોલાવી કહ્યું કે મને તમારી ટુકડીમાં સાદાચાર ગણી મૈત્રી ભાવથી વરતો આ કબુલાત સાડા ત્રણ મીત્રોએ બહાલ રાખી ને ધર્મ શાસ્ત્ર પ્રમાણે સોગન ખવરાવ્યા જે દોસ્તથી કોઈ દીવસ જુદાઈ ગણવી નહીં.

(મીત્ર મંડળમાં)

મોહન—બનઝારો. મીત્ર પ્રત્યે અમરસીંહને કહે છે.

પ્રીય ખરી જણાવી પ્રીતી, તેં રાખી દોસ્તીની રીતી; ટેક.

તેં દુઃખ વખતે કરી છાંયા, આજે મસ્તક દીધું આયાં;
તેં પ્રગટ કરી છે નીતિ. તેં રાખી૦
મુજ માટે અરપ્યા દેહ, તેં ગણ્યો નહીં સંદેહ;
તેં હારી બાજી ઝીંતી. તેં રાખી૦
તું પરદુઃખ ભંજન પૂરો, તું હાડા કુળમાં શૂરો;
ભાય ટાળ્યો થાત અનીતિ, તેં રાખી૦
છે ગરજ તણા બહુ યારો, તેં પ્રાણ કર્યો નહીં પ્યારો;
થઈ ધર્મોજય ખરી ક્ષીતી, તેં રાખી૦
ભાઇ મીત્ર મળો તુજ જેવા, મધ્ય રણમાં માથું દેવા;
પ્રભુ રાખે અવીચળ નીતિ, તેં રાખી૦

અમરસીંહ— **રાગ ઉપરનો. (રાજા પ્રત્યે)**

શીર દેનાઆમે સાડાત્રણ દોસ્તદાર, દુઃખ વખતે રે;
જઇએ કોળી ઘેર કેઈ વારી, તે મગાવે પાન સોપારી.
ભાંડે મળો તેની ઘરનાર, આમે સાડાત્રણ દોસ્તદાર;
કહેશે ઘરનો ધંધો મૂકી પીટ્યાને સુઝે છે પદહુકી;
એથી અર્ધ ગણ્યો દીલદાર, આમે૦

અરજણ કોળી— **પીલુની ઠુમરી.**

(કહું શું નશીબે દુખીયો કીધો છે.)

ધર્મ પ્રમાણે સમ ખવરાવા, ચાલો જઈએ સરોવર નહાવા; ટેક.
રમત ગમતની વાતો કરશું, પ્રતીદીન આનંદ ઉર પ્રગટાવા; ધર્મ.
સાડાત્રણમાં આપ ગણ્યા છો, બેશક મૈત્રીનો ભાવ બતાવા; ધર્મ.

સરોવર જઇ સોગન ખાય છે જે ધર્મશાસ્ત્ર પ્રમાણે મીત્રોમાં અંતર ન રાખવું મીત્ર થઇ અંતર રાખે તે ઇશ્વરનો ગુન્હેગાર છે.

પછી સરોવરમાં નહાવા પડે છે ત્યાંથી ચારજણ સરોવરમાંથી પેહેલો બાર નીસરી પરીક્ષા લેવા રાજાનાં લુગડાં પહેરીને બાગમાં જાય છે. તે જોઈ સરોવર કાંઠે રાજા આવીને બીજા લુગડાં સૌ સૌનાં પહેરે છે.

રાજા-- **લાવણી (દક્ષિણી રાહ).**

કાન્તા ફેગ થશે એ રાહ.

કપડાં કોળીનાં, જાઉ ફેગ ધરીને,
રાજાનો વેશ, શોભે ન લેશ, મુજ ડરેશ;
ખરાબ ખેસ, બાંધુ ફેગ કરીને; ટેક.
કોળી ગત કુબે ગયો વસ્ત્ર હરીને,
નહીં વીચાર, દીલ લગાર, ગણ્યા પોબાર,
નીસરી બાર, ચાલ્યો ગયો સરીને, કપડાં.

અગરસીંહ તેને સમજાવી કોળીના લુગડાં પહેરાવી બાગમાં લાવે છે. લોકો જોઈ ખુશી થાય છે જે કેવા મીત્ર છે. ધન્ય છે.

દોહરો.

સંપતણું ફળ શ્રેષ્ટ છે, ફુસાવી નાંખી ફોજ;
લકડી પંચતણી ધણી, એકતણો છે બોજ.
શ્રી નકલંકનો મેળો, ભાદરવી આમાસે ભેળો.

રાગ ગોપીચંદનો.

(ગોપીચંદ લડકા જોગી હો જારે તજદે રાજને એ રાગ).

નકલંકી નાથનો, મેળો મોટો છે મહાદેવનો;
એક કીનારે ગુંદી ગામ છે, બીજે કાંઠે કોળીયાક;
વચમાં નીર્મળ નદી વહે છે, પાકે રૂડેરા પાક રે. નકલંકી૦

ગુણીજન ભારી કરે ગાવણું, આવી લોક અથાક;
કોળી લોકો ધુણે કૈક ત્યાં, ડગ ડગ વાગે ડાકરે. નકલંકી૦
મનહર ભજનો સંત મંડલી, બહુ ઉડાવે બહાર;
ખડી થાય છે ઇંદ્રાપૂરી, એક નીશમ અંધારરે. નકલંકી૦
પાંચ પાંડવોનાં આ સ્થળમાં, ઉતરી ગયાં કલંક;
દેવ ભૂગીકા દીનકર સ્થંભે, ભરાય રાણા રંકરે; નકલંકી૦
સાયર તીર સુશોભીત લાગે, પ્રાયચીત સઘળાં જાય;
પ્રથમ શુદ્ધ નદી સ્નાન કરીને, નાવું નીધીની માંયરે. નકલંકી૦
ગાન તાન ને રંગ રાગણી; અનુપમ ઉત્સવ થાય;
જેણે નકલંકી નથી જોયા, રહ્યો ઉદરની માંયરે. નકલંકી૦
પાંચે પાંડવ ગળી નીશાએ, નાખ્યો નદીમાં પડાવ;
પ્રાતઃકાળે નાહી નદીમાં, દર્શ કર્યા દરીયાવરે. નકલંકી૦
શંકર સ્થાપન સાગર માંએ, કર્યું પાંડવો પાંચ;
કલંક ઉતર્યાં ત્યારે કાંઠે, અંગે નાવી આંચરે. નકલંકી૦
દીનોનાથ પધાર્યા ત્યાંહે, ગાર્યો કળીયુગ ત્યાંય;
સતની આણ સદા વરતાવી, ખુડત ઝાલીને બાંયરે. નકલંકી૦
મોક્ષ વાવ મહાદેવની પાસે, નહાશે નરને નાર;
કોટ વસા કલ્યાણ થાય છે, સુફળ થાય અવતારરે. નકલંકી૦
ભાટ ભવાયા અઢાર આલમ, અહીંયાં એકાકાર;
જગંનાથ સૌ સાથ મળી જેમ, જગતાં એકજ હારરે. નકલંકી૦
પરચો પ્રગટ જણાવે પૂરો, ટાઢી ઉડે લેહેર;
ગુંદીને કોળીયાક ગામમાં, ઉત્સવ ઘેરો ઘેરરે. નકલંકી૦
આડી ઘોડા ગુડીયા ગાડી, ચાલે છે ચડી ચોટ;

સવારગાં સૌ રૈયત આવી, દરીયે મુકે દોટરે. નકલંકી
દર્શનનો દેખાવ ભલો છે, ધજા ફરકે હાબ;
નીર્મળ નાથ ભલા નકલંકી, ભેટી લે સૌ લાભરે. નકલંકી૦
શ્રાદ્ધ સરાવે કૈક બાપનું, તરપણ કરતા જાય;
શેહેર બેઈગાં ઉડે ચૂરમાં, તૃપ્ત બ્રાહ્મણો થાયરે. નકલંકી૦
ભીગનાથનું ધાગ ભલેરૂં, નદી નીલકા તીર;
પાંડવ પાંચ વીસામો ખાઇ, આવ્યા સરવે વીરરે. નકલંકી૦
કલંક ઉતર્યા પાંચ પાંડુના, સત્યનો થયો પ્રકાશ;
દેવે વૃષ્ટી કરી પુષ્પની, ઉભાં વિમાન આકાશરે. નકલંકી૦
ભાવનગર ગહારાજા સાહેબ, ગોહીલ વંશી ગાગ;
ચોકી પેહેરા તણી ચોકશી, રાખે સ્વાર તગાગરે. નકલંકી૦
હલે ન પેટની અંદર પાણી, નીર્ભય રૈયત નાગ;
આજાસીંહ જેમ એકજ આરે, પીએ પાણી સૌ ઠાગરે. નકલંકી૦
ગોહીલરાજ અવીચળ તપજો, તખ્તસીંહ ગહારાજ;
"ભીખન" કહે છે ભાવ ધરીને, આશ્રાચન છે આજરે,નકલંકી૦
ભાવધરી નકલંકી નાથને, ભેટે ઉર અભ્યાસ;
ગાય સીખે ને શ્રવણુ કરે તો, હોશે વૈકુંઠ વાસરે. નકલંકી૦

દાહરો.

દોષ મુકત કરી દૂરને, સજ્જન લેશો સાર;
"ભીખન" કહે છે ભાવથી, જય જય જય કીરતાર.

સમાપ્ત.

નોટીસ.

મારી રચેલ કવીતા અગર ભાષણનો કોઈ પરવાનગી શીવાય ઉપયોગ કરશે તો થતી નુકશાનીનો દાવો કરી કાયદાસર ઇલાજ લે-વામાં આવશે.

જોશી. ભીખારામ શવજી કનૈયા ભાવનગર.
ઓસી પીતાંબરદાસ વસ્તાભાઇની ગલી.